सत्यमेव जयते

| | | |
|---|---|---|
| GJRJ020252452023 | દાખલ કર્યા તારીખઃ– | ૨૩/૦૯/૨૦૨૩. |
| | રજિસ્ટર કર્યા તારીખઃ– | ૨૩/૦૯/૨૦૨૩. |
| | ફેંસલ કર્યા તારીખઃ– | ૧૮/૦૪/૨૦૨૬. |
| | સમયગાળોઃ– | વર્ષ માસ દિવસ<br>૦૨ ૦૬ ૨૭ |

//FORM-A//

| | |
|---|---|
| આંકઃ– | ૩૪. |
| કોર્ટનું નામઃ– | રાજકોટના મહેરબાન પાંચમાં અધિક સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રી જે.એ. પટેલ સાહેબની કોર્ટમાં, મુકામઃ– રાજકોટ. |
| ચુકાદાની તારીખઃ– | ૧૮/૦૪/૨૦૨૬. |
| ક્રિમિનલ કેસ નંબરઃ– | ૧૮૬૭૪/૨૦૨૩. |
| એફ.આઈ.આર.ની વિગતઃ– | –––– |
| ગુનોઃ– | ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ. |
| ફરિયાદીઃ– | શ્રી સમર્થ ક્રેડીટ કો–ઓપરેટીવ સોસાયટી લી.ના મેનેજર શ્રી જયેશભાઈ રણછોડભાઈ પેથાણી, (શ્રી દલસુખભાઈ હરીભાઈ ડઢાણીયા આંક.૨૬) સરનામુંઃ– એપલ રેસી.–કોમ. કોમ્પ્લેક્ષ, બીજો માળ, ચંદન પ્રોવિઝન સ્ટોરની સામે, અમીન માર્ગ, રાજકોટ. |
| ફરિયાદપક્ષ તરફેઃ– | વિદ્વાન વકીલશ્રી એન.જી.પટેલ. |
| આરોપી | પરવીનબેન અલારખાભાઈ ધંધુકીયા,<br>સરનામું– જગવાલા રોડ, તાઈ શેરી, જેતપુર, જિ.રાજકોટ. |

//FORM-B//

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખઃ– | ૨૪/૦૮/૨૦૨૩. |
| એફ.આઈ.આર. તારીખઃ– | ---- |
| ફરિયાદ દાખલ તારીખઃ– | ૨૩/૦૯/૨૦૨૩. |
| ચાર્જફ્રેમ કર્યા તારીખઃ– | ---- |
| પુરાવો ચાલુ થયા તારીખઃ– | ૧૨/૦૨/૨૦૨૫. |
| જજમેન્ટ માટે રાખ્યા તારીખઃ– | |
| જજમેન્ટની તારીખઃ– | ૧૮/૦૪/૨૦૨૬. |
| સજા, હુકમની તારીખ(લાગુ પડે તો) | ૧૮/૦૪/૨૦૨૬. |

//આરોપીની વિગત//

| અનુ. નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુનો | દોષિત/ નિર્દોષ | કરવામાં આવેલ સજા | સી.આર.પી. સી.ની કલમ–૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | પરવીનબેન અલારખાભાઈ ધંધુકીયા | ---- | ---- | ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ. | દોષિત | એક વર્ષ | ---- |

//FORM-C//

//ફરિયાદપક્ષે//બચાવપક્ષે//કોર્ટપક્ષે સાહેદોની ચાદી.//

(અ) ફરિયાદપક્ષે સાહેદોનું લીસ્ટઃ–

//મૌખિક પુરાવો//

| અનુક્રમ નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદીશ્રી દલસુખભાઈ હરીભાઈ દઢાણીયાનું સરતપાસનું સોગંદનામું. | ૨૭ |

//દસ્તાવેજી પુરાવો//

| અનુક્રમ નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ચેક નં.૦૯૯૭૯૬, તા.૨૩/૦૮/૨૦૨૩. | ૦૮ |
| ૦૨ | રિટર્ન મેમો, તા.૨૩/૦૮/૨૦૨૩. | ૦૯ |

| | | |
|---|---|---|
| ૦૩ | ઠરાવ. | ૧૦ |
| ૦૪ | કરજ ખત. | ૧૧ |
| ૦૫ | જામીન ખત. | ૧૨ |
| ૦૬ | શેર લેવા માટેની અરજી. | ૧૩ |
| ૦૭ | વચનચિઠ્ઠી. | ૧૪ |
| ૦૮ | વાઉચર. | ૧૫ |
| ૦૯ | નોટિસ, તા.૦૧/૦૯/૨૦૨૩. | ૧૬ |
| ૧૦ | નોટીસ રજી.એડી. કર્યાની મની રિસિપ્ટ. | ૧૭ |
| ૧૧ | નોટિસનું પરત આવેલ કવર. | ૧૮ |
| ૧૨ | લોન ખાતું. | ૧૯ |
| ૧૩ | સત્તા અંગેનો ઠરાવ. | ૩૦ |

(બી) આરોપીપક્ષે સાહેદોનું લીસ્ટઃ–

| અનુક્રમ નંબર | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

(ક) કોર્ટપક્ષે સાહેદોનું લીસ્ટઃ–

| અનુક્રમ નંબર | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

ફરિયાદપક્ષે//બચાવપક્ષે//કોર્ટપક્ષે આંકઃ–
(અ) ફરિયાદપક્ષે આંકઃ–

| અનુક્રમ નંબર | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

(બી) આરોપીપક્ષે આંકઃ–

| અનુક્રમ નંબર | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**(ક) કોર્ટપક્ષે આંકઃ–**

| અનુક્રમ નંબર | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

## // ચુ કા દો //

**(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,** ફરિયાદી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. ફરિયાદી તેના સભાસદોને લોન સવલત આપવાની કામગીરી કરે છે. ફરિયાદી પાસેથી આરોપીએ રૂા.૫૦,૦૦૦/–ની લોન મંજૂર કરાવી, તા.૧૯/૧૦/૨૦૧૯ના રોજ પ્રોમીસરી નોટ તથા અન્ય લોન દસ્તાવેજો કરી આપી, લોન ખાતા મુજબ લોન મેળવેલ છે. આરોપીએ આ લોન ખાતાની ફરિયાદીના બાકી લેણાની વસુલાત પેટે યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, જેતપુર શાખાનો ચેક નંબર–૦૯૯૭૯૬ ચેક તા.૨૩/૦૮/૨૦૨૩ ચેક રકમ રૂા.૮૩,૭૯૩/–નો ચેક ફરિયાદીને એવા વચન, વિશ્વાસ અને ખાત્રી સાથે આપેલ કે ચેક બેંક એકાઉન્ટમાં ભર્યેથી ચેકવાળી રકમ ફરિયાદીને મળી જશે. આરોપીએ આપેલ ઉપરોકત ચેક ફરિયાદીએ તેઓના રાજકોટ શહેરમાં આવેલ બેંક એકાઉન્ટમાં ભરતા તે તા.૨૪/૦૮/૨૦૨૩ના ચેક રીટર્ન મેમાથી આરોપીના ખાતામાં અપુરતા ફંડને કારણ "ફન્ડ ઈન્સફિશિયન્ટ"ના શેરાથી સ્વીકારાયા વિના પરત ફરેલ છે. આરોપીએ આપેલ ઉપરોકત ચેક રીટર્ન થતા ફરિયાદીએ આરોપીને ચેક રીટર્ન થયા અંગેની તેમજ ચેકવાળી રકમ ચુકવી આપવા તા.૦૨/૦૯/૨૦૨૩ના રોજ વકીલ મારફત રજી.એડી.થી નોટિસ આપેલ. આરોપીને આપવામાં આવેલ આ નોટિસ તા.૦૪/૦૯/૨૦૨૩ના રોજ બજ્યાનું "રિફ્યુઝડ"ના શેરાથી કવર પરત મળેલ છે. આમ, આરોપીને ચેક રીટર્ન થયા અંગેની નોટિસથી જાણ કરવા છતાં ચેકવાળી રકમ ફરિયાદીને આજ દિવસ સુધી ચુકવેલ નથી કે નોટિસનો કોઈ યોગ્ય જવાબ આપેલ નથી. આમ, આરોપીના ખાતામાં નાણા નથી અને ચેક પાછો ફરશે તેમ આરોપી જાણતા હોવા છતાં ચેક આપેલ હોય અને લીગલ નોટિસ મોકલવા છતાં ચેકવાળી રકમ ફરિયાદીને ચુકવેલ નથી. આરોપીએ ચેક આપતી વખતે

ફરિયાદીને આપેલ વચન, વિશ્વાસ અને ખાત્રીનો ભંગ કરેલ છે. આમ, આરોપીએ નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય, ફરિયાદીને આ ફરિયાદ લાવવા ફરજ પડેલ છે.

(૨) ફરિયાદીએ ઉપરોકત પેરેગ્રાફમાં જણાવેલ હકીકતવાળી, ફરિયાદ રજૂ કરતાં તત્કાલિન મેજિસ્ટ્રેટશ્રી દ્વારા ફરિયાદીનું વેરિફિકેશન નોંધી, ફરિયાદીની ફરિયાદ રજિસ્ટરે લેવાનો હુકમ કરી, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ની જોગવાઈ અન્વયે, આરોપી વિરુદ્ધ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુના સબબના સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) સદરહુ ફરિયાદનું રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં, આરોપીને પ્રોસેસની બજવણી થઈ જતાં અને આરોપી હાજર થતાં, આરોપીને ફરિયાદ તથા તેની સાથે ફરિયાદીએ રજૂ કરેલ દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવેલ છે.

વધુમાં, અત્રેની કોર્ટના મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ની જોગવાઈ મુજબ આરોપીનો **આંક–૦૫થી જવાબ(પ્લી)** નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબૂલ ન રાખતાં, સદરહુ ફરિયાદનું કામ, ફરિયાદપક્ષના પુરાવા ઉપર મુલતવી રાખવામાં આવેલ.

(૪) આરોપી સામેના ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ કલમ–૧૩૮ના ગુનાનો આરોપ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે ઉપર મુજબનો વિગતવાર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે. ત્યારબાદ સદરહુ ફરિયાદના કામનું રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં બચાવપક્ષ તરફે ફરિયાદીની ઊલટતપાસ આરોપીપક્ષ તરફે કરેલ નથી. ત્યારબાદ ફરિયાદી તરફે આરોપીનો ઊલટતપાસનો હક્ક બંધ કરવા અરજી આપતા આરોપીનો ઊલટતપાસનો હકક બંધ કરતો હુકમ કરેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષ દ્વારા ફરિયાદી તરફે પુરાવો પુરો થયા અંગેની

પુરસીસ રજૂ થયેલ છે. ત્યારબાદ હાલનુ કામ ફરિયાદપક્ષ તથા બચાવપક્ષની દલીલો ઉપર આવતા ફરિયાદપક્ષના વિદ્બાન વકીલશ્રી દ્બારા મૌખિક દલીલો કરેલ છે અને આરોપી તરફે કોઈ રિપોર્ટ કે રજૂઆત ન હોય ફરિયાદપક્ષ તરફે આરોપીનો દલીલોનો હક્ક બંધ કરતો હુકમ કરવા અરજી આપતા અત્રેની કોર્ટ દ્બારા આરોપીનો દલીલોનો હક્ક બંધ કરતો હુકમ કરવામાં આવેલ છે.

(૫) ફરિયાદીની ફરિયાદ હકીકત, ફરિયાદના કામે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી–પુરાવો, ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ ધ્યાને લેતાં સદરહુ ફરિયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

//**મુદ્દા**//

**મુદ્દા નં.૧** **શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,** ફરિયાદવાળો ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણી પેટે ફરિયાદીને લખી આપેલ જે નિયમ સમયમાં વટાવવા ફરિયાદીએ પોતાની બેન્કમાં રજૂ કરતાં વગર સ્વિકારાયે પરત ફરેલ, જેને નિયત સમયમાં પોસ્ટ મારફતે કાયદેસરની નોટિસ આરોપીને તેના સાચે સરનામે મોકલાવેલ હોવા છતાં આરોપીએ નોટિસનો અમલ ન કરી ફરિયાદવાળા ચેકની રકમ ફરિયાદીને ન ચૂકવી ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ સજાને પાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૨** **શું હુકમ?**

**(૬) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે:–**

**મુદ્દા નં.૧** **હકારમાં.**

**મુદ્દા નં.૨** **આખરી હુકમ મુજબ.**

**<u>//ન્યાય નિર્ણય માટેના કારણો//</u>**

**<u>મુદ્દા નં.૧.</u>**

**(૭)** ફરિયાદીએ હાલની આ ફરિયાદ આરોપી વિરુદ્ધ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ દાખલ કરેલ છે. આ સંજોગોમાં ફરિયાદપક્ષ તરફથી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈઓના આવશ્યક તત્ત્વો નિ:શંકપણે પુરવાર કરવા જોઈએ. જે મુજબ સમગ્ર અથવા અંશતઃ દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે બૅન્કર પાસેના પોતાના ખાતામાંથી, બીજી વ્યક્તિને નાણાંની રકમ ચુકવવા માટે તે ખાતામાંથી કોઈ વ્યક્તિએ લખેલ કોઈ ચેક, તે ખાતામાં જમા નાણાં રકમ, ચેક સ્વીકારવા માટે અપુરતા હોવાના અથવા તે બૅન્ક સાથે કરેલી કબુલાત દ્વારા તે ખાતામાંથી ભરવાની ગોઠવણી કરેલી રકમ કરતાં વધુ હોવાને કારણે, ભરપાઈ થયા વિના બૅન્ક પરત કરે, ત્યારે તેવી વ્યક્તિએ ગુનો કર્યો હોવાનું ગણાશે.

**– પરંતુ આ કલમમાનો કોઈપણ મજકૂર લાગુ પડશે નહિ સિવાય કે –**

**(અ)** ચેક ઉપર જે તારીખ લખી હોય તે તારીખથી છ મહિનાની મુદ્દત અથવા ચેકની જે કાયદેસરની મુદ્દત હોય તે બેમાંથી જે વહેલી હોય તે મુદ્દતની અંદર ચેક બૅન્કમાં રજૂ કરવામાં આવ્યો હોય,

**(બી)** ચેકનો પેઈ અથવા યથાક્રમ ધારક તે ચેક પણ ચુકવ્યો પરત આવવા સંબંધી બૅન્ક પાસેથી તેને માહિતી મળ્યાના ત્રીસ દિવસની અંદર ચેક લખનારને લેખિતમાં નોટિસ આપીને નાણાની સદરહુ રકમની ચુકવણી કરવા માટે માંગણી કરી હોય, અને

**(સી)** એવા ચેકના લખનારે ચેક લેનાર ચેકના પેઈ અથવા તેના યથાક્રમ ધારકને સદરહુ નાણાની રકમની ચુકવણી સદરહુ નોટિસ મળ્યાના પંદર દિવસની અંદર કરી ન હોય,

**સ્પષ્ટીકરણ–** આ કલમના હેતુઓ માટે "દેવા અથવા જવાબદારી" એટલે કાયદેસર અમલ કરી શકાય તેવા દેવા અથવા બીજી જવાબદારી.

– હાથ ઉપરના કેસમાં ફરિયાદ હકીકત ધ્યાને લેતા. ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ની કલમ–૧૩૮ ધ્યાને રાખી ફરિયાદપક્ષે રજૂ થયેલ સમગ્ર પુરાવાની મુલવણી કરતાં નીચે મુજબની હકીકત ફલિત થાય છે.

**(૮) સદરહુ કામે આ કામના ફરિયાદીશ્રી દલસુખભાઈ હરીભાઈ ડઢાણીયાનાઓનું આંક–૨૭થી સરતપાસનું સોગંદનામું રજૂ થયેલ છે જેમાં** તેઓએ આંક–૦૧ વાળી પોતાની ફરિયાદની વિગત મુજબની હકીકતો જણાવેલ છે. જેથી તે હકીકતોનું પુનરાવર્તન ન થાય તે માટે તેને દોહરાવેલ નથી.

ત્યારબાદ સદરહુ ફરિયાદના કામનું રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં બચાવપક્ષ તરફે ફરિયાદીની ઊલટતપાસ આરોપીપક્ષ તરફે કરેલ નથી. ત્યારબાદ ફરિયાદી તરફે આરોપીનો ઊલટતપાસનો હક્ક બંધ કરવા અરજી આપતા આરોપીનો ઊલટતપાસનો હકક બંધ કરતો હુકમ કરેલ છે.

**(૯) ત્યારબાદ ફરિયાદપક્ષે આ કામે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ જોવામાં આવે તો,** સદરહુ કામે ફરિયાદપક્ષે આરોપીએ ફરિયાદીને આપેલ ચેક ચેક નં.૦૯૯૭૯૬, રૂ.૮૩,૭૯૩/– તા.૨૩/૦૮/૨૦૨૩ના રોજનો ચેક, **આંક–૦૮થી** તેમજ સદરહુ ચેક તા.૨૩/૦૮/૨૦૨૩ના રોજ **"Funds Insufficient"**ના શેરા સાથે પરત ફરતાં ફરિયાદીની બૅન્કે આપેલ રીર્ટન મેમો **આંક–૦૯થી** તેમજ ફરિયાદીએ આરોપીને તેના સાચા સરનામે તા.૦૧/૦૯/૨૦૨૨ના રોજ આપેલ ડિમાન્ડ નોટિસ **આંક–૧૬થી** તેમજ આરોપીને નોટિસ રજિ.એ.ડી. કર્યાની મની રિસિપ્ટ **આંક–૧૭થી** તેમજ સદરહુ નોટિસ "રીફ્યુઝડ"ના શેરા સાથે પરત આવેલાનું બંધ કવર **આંક–૧૮થી** રજૂ રાખેલ છે. ઉપરોકત દસ્તાવેજો જે ફરિયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવેલા છે તેને ધ્યાને લેતાં, ફરિયાદીની ફરિયાદને કોઈ ટેક્નિકલી કે

સમયમર્યાદાને લગતો બાધ નડતો નથી તે હકીકત સ્પષ્ટ છે. આમ, ફરિયાદી અને આરોપી નાણાકીય લેવડ–દેવડ થયાની બાબતને પણ પુરાવાથી સમર્થન મળે છે. આ ઉપરાંત જો વાદગ્રસ્ત ચેકમાં આરોપીની સહી ન હોય તો તે સાબિત કરવા માટે પણ આરોપીએ કોઈ સચોટ પુરાવો રજૂ કરેલ નથી કે જેનાથી સાબિત થાય કે, સદરહુ કામે રજૂ થયેલ ચેક ઉપર આરોપીની સહી નથી. કાયદેસર રીતે વસૂલી શકાય તેવા લેણાની વાત કરીએ તો ફરિયાદીએ પોતાની આંક–૦૧ની ફરિયાદમાં જણાવેલ છે કે, "ફરિયાદી પાસેથી આરોપીએ રૂ.૫૦,૦૦૦/૦૦ની લોન મંજૂર કરાવી, તા.૩૧/૦૭/૨૦૧૮ના રોજ પ્રોમીસરી નોટ તથા અન્ય લોન દસ્તાવેજો કરી આપી, લોન ખાતા મુજબ લોન મેળવેલ છે." તે કાયદેસર રીતે વસૂલી શકાય તેવું લેણું છે તે માનવાને કારણ છે.

– જે સંદર્ભે નામદાર સુપ્રિમ કોર્ટે, ***રંગપ્પા વિરુદ્ધ મોહન, એ.આઈ.આર. ૨૦૧૦(એસ.સી.) ૧૯૯૮***ના ચુકાદા મુજબ આરોપીએ આપેલ ચેક આરોપીના કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલા છે તેવું અનુમાન ફરિયાદીની તરફેણમાં કરવાનું રહે છે તે મુજબ આરોપીએ ફરિયાદીને ફરિયાદવાળો ચેક ફરિયાદમાં જણાવેલ વ્યવહારની રકમના કાયદેસર અમલ કરી શકાય તેવા દેવાની ચુકવણી પેટે આપેલાની હકીકત ફલિત થાય છે. નામદાર સુપ્રિમ કોર્ટે ***હીતેન પી. દલાલ વિરુદ્ધ બદ્રીનાથ બેનરજી, ૨૦૦૧(૫)*** જજમેન્ટ ટુડે ૩૮૬ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, "ચેક લખનાર પોતાની સહી કરીને ચેક ફરિયાદીને આપે તો નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ મુજબ અનુમાન ફરિયાદીની તરફેણમાં થાય કે આ ચેક દેવા અને જવાબદારી પેટે આરોપીએ આપેલ છે."

– આ ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટે ***Hon'ble Apex Court, in D.K.Chandel V/s M.S.Wokhrad (Unreportable) made it clear that, production of account book/cash book is not essential factor in 138***

***N.I.Act cases.*** તેમજ આ સિવાય પણ અન્ય એક ચુકાદો વંચાણે લેતાં, તેમાં ***Devidas S. Mardolkar Vs. Harichandra Mandrekar reported in AIR 2009 (NOC) 396 (BOM.),*** *it is held that, if the Courts were to insist that cheque must be accompanied by some documentary proof to indicate an existence of the liability, the Courts would be only reading a requirement which is not prescribed by law but also negating the presumption required to be drawn under section 139 of the N.I.Act.*

– આ ઉપરાંત ***M/s prajapati Oil Industries through owner Rameshbhai V/S State of Gujarat reported in 2004(1) GLH page No.365,*** *Hon'ble Gujarat High Court has held that, as soon as a cheque is issued in favour of a party the presumption is that, it is issued against consideration. The burden to rebut this presumption is on the person who issues the cheque. In absence of such rebuttal it can not be said that cheques were without consideration. Also, Hon'ble Gujarat High Court in para-25 of its judgment held that, on a bare reading of Section-138 of the act it is clear that as soon as cheque is produced of record, a presumption will arise about the consideration that the negotiable instrument concerned was made or drawn for consideration.*

**(૧૦)** આરોપી તરફે ફરિયાદીના પુરાવાનું ખંડન કરતો પુરાવો એટલે કે, **(રિબ્યુટેબલ એવિડન્સ)** રજૂ કરવો જોઈએ તેમજ આરોપી પોતે આવી કોઈ રકમ ચુકવવા જવાબદાર નથી તેવો સબળ અને સ્પષ્ટ પુરાવો તેઓએ રજૂ કરેલ નથી તેમજ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) મુજબ તેવું પણ અનુમાન કરવાનું રહે છે કે, દરેક વટાઉ ખત (નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ) અવેજ માટે લખવામાં આવેલ હતો અને વિરુદ્ધનું પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી તેને ચેકના ધારણકર્તાએ દેવાના પુરા કે તેના કોઈ ભાગ માટે મેળવેલ છે. આ ઉપરાંત ***નામદાર બોમ્બે હાઈકોર્ટે બાલાજી***

***એજન્સી પ્રા.લી. વિરુદ્ધ વિલાસરાવ બાગી, ૨૦૧૦(૧) ડી.સી.આર. પાના નંબર–૪૪૩*** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, "જ્યારે ચેક સહી કરી કોરો સિક્યુરિટી પેટે આપવામાં આવેલ હોય તે પછીથી આપેલ સિક્યુરિટી મુજબ ચેક આપનાર ચુકવણુ કરવામાં નિષ્ફળ જાય તો સિક્યુરિટી પેટે આપવામાં આવેલ ચેકનો ઉપયોગ કરી શકાય છે" તેમજ ***નામદાર સુપ્રિમ કોર્ટે બીરસીંગ વિ. મુકેશકુમાર (૨૦૧૯) એસ.સી.સી. ૧૯૭*** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, "કોરો ચેક પણ આરોપી દ્વારા સહી કરીને ચુકવણી માટે આરોપી દ્વારા આપવામાં આવે તો પણ કલમ–૧૩૯ મુજબનું અનુમાન કરવાનું થાય છે."

**(૧૧) આમ, ઉપરોક્ત પૅરેગ્રાફસમાં કરવામાં આવેલ પુરાવાઓની મુલવણી મુજબ** ફરિયાદીની તરફેણમાના ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ના અનુમાનનું ખંડન કરી શકે તેટલો પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટી જેટલો પણ પુરાવો આપી, આરોપી અનુમાનનુ ખંડન કરી શકેલ નથી તેથી તથા આરોપીના ખાતાના ફરિયાદવાળો ચેક ફરિયાદીના કાયદેસરના લેણાની ચુકવણી પેટે તથા આરોપીના કાયદેસર રીતે વસૂલ થઈ શકે તેવા દેવાની ચુકવણી પેટે ફરિયાદીને આપેલો છે તે હકીકત ફરિયાદપક્ષ નિ:શકપણે પુરવાર કરેલ છે અને તેથી ફરિયાદીને આરોપી પાસે રકમ કાયદેસર રીતે લેણા પેટે નિકળતી હોવાનું પ્રથમદર્શનીય જણાય આવે છે. આમ, પ્રસ્તૃત કેસમાં ફરિયાદી જયારે પોતાનો કેસ સાબિત કરવામાં સફળ રહેલા છે અને આરોપી ફરિયાદીના કેસ સામે વાજબી શંકા ઉપસ્થિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય ત્યારે એ હકીકત પણ આરોપીને કાયદામાં ફરમાવેલ સજા સંદર્ભે કેટલી સજા કરવી જોઈએ તેના સંદર્ભમાં પક્ષકારો વચ્ચેનો સંબંધ, ફરિયાદવાળો વ્યવહારનો સ્વરૂપ ધ્યાનમાં લેતા તેમજ પ્રસ્તુત કેસની હકીકત અને સંજોગો ધ્યાને લેતાં, આ કામના આરોપીને ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ના ગુનામાં તકસીરવાર ઠરાવી મુદ્દા નં.૧નો નિર્ણય "હકાર"માં આપવામાં આવે છે.

**(૧૨)** ઉપર મુદ્દા નં.૧માં ચર્ચા કર્યા મુજબ ફરિયાદપક્ષ ધી નેગોશિએબ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ના ગુના સબબ આરોપીને તકસીરવાર ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્ત્વો નિ:શંકપણે પુરવાર કરી શકેલ હોવાથી આરોપીને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ના ગુના સબબ તક્સીરવાર ઠરાવું છું અને બંને પક્ષે સજા અંગે સાંભળવા પર મુલતવી રાખવામાં આવે છે.

**સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૮, માહેઃએપ્રિલ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ૧૮/૦૪/૨૦૨૬.**

**મુકામઃ રાજકોટ.**

**(જૈમીન અશોકભાઈ પટેલ)**
**પાંચમાં એડી. ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટ**
**રાજકોટ**
**U.I.C.No.GJ01113**

**સજા અંગે હુકમઃ–**

હાલના કામે ફરિયાદી તથા તેમના વિદ્વાન વકીલશ્રી હાજર છે. આરોપી કે તેમના વિદ્વાન વકીલશ્રી હાજર નથી. ફરિયાદીના વિદ્વાન વકીલશ્રીને સાંભળ્યા.

**(૧૩)** ફરિયાદી તરફે વિદ્વાન વકીલશ્રીની એવી રજૂઆત છે કે, હાલના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. ચેક રિટર્ન થવાના કીસ્સા વધી રહેલ છે. સમાજમાં દાખલો બેસાડવો જરૂરી બની જાય છે. જેથી આરોપીને કાયદા મુજબની મહત્તમ સજા કરવી જોઈએ અને વળતર અપાવવું જોઈએ.

**(૧૪)** આ અદાલતમાં આરોપી તરફે હાજર રહી તેઓની સજા અંગે કોઈ રજૂઆત કરેલ નથી. હાલના યુગમાં કોઈપણ વ્યક્તિ, કોઈપણ ભોગે મોટી રકમ મેળવવા કે લોન મેળવવા કે માલસામાન ખરીદતી વખતે તે સામે ખોટો ચેક લખી આપી ઘણીવાર કોરો ચેક આપતા હોવાના કીસ્સા વધી રહેલ છે. રકમ કે લોન કે માલસામાન મેળવ્યા બાદ તે રકમ અથવા લોન અથવા માલસામાનનું મુલ્ય પરત કરતા નથી અને લેણી રકમ ન ચૂકવવા પડે તે માટે કાયદાનું ખોટુ અર્થઘટન કરી, તેનો દુરૂપયોગ કરતાં રહે છે. રકમ પરત કરતા નથી અને ચેકો વગર સ્વીકાર્યે પરત થતાં રહે છે તે ખૂબ ગંભીર બાબત ગણાય અને આવા ગુનાઓ દિનપ્રતિદિન વધી રહ્યા છે. જેના ઉપર અંકુશ રાખવો જરૂરી છે. સામાન્ય રીતે સજાની માત્રા કેવી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચૂકાદાઓ ઉપલબ્ધ છે. ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટમાં સદર જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળ લેજિસ્લેચરનો હેતુ બેંન્કનું કામકાજ તેના નિયમાનુસાર અને કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતુ રહે તે માટેનું છે.

– આ કામે ફરિયાદીની લેણી રકમ પેટે આરોપીએ ફરિયાદીને ચેક આપેલ જે ચેક પરત ફરતા તે અંગેની આરોપીને જાણ કરવા છતાં આરોપીએ લેણી રકમ પરત કરેલ નહિ અને નોટિસ આપ્યા બાદ પણ લેણી રકમ પરત કરેલ

નથી. લાંબો સમય કેસ ચાલતા દરમ્યાન પણ લેણી રકમ પરત કરવા કોઈ રકમ પરત કરેલ નથી.

– કાયદા પાછળનો હેતુ તથા આરોપીની વર્તણુંક લક્ષમાં રાખતાં, આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે, લોકોનો બેન્કીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોક્કસપણે સજા કરવી જોઈએ તેમ આ અદાલતનું માનવું છે. કારણ કે, કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર કાયદો ઘડવા પાછળનો લેજિસ્લેચરનો ઈરાદો કાયદાને અસરકારક બનાવવાની મુખ્ય ફરજો અદાલતોની છે અને જો તે મુજબ ન કરવામાં આવે તો લોકોનો બેંકીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ઉઠી જશે, લોકો ચેકોનો બેફામ દુરૂપયોગ કરતાં અચકાશે નહિ જેના કારણે ભારતીય અર્થતંત્ર કે જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકસાન થાય તેમ છે.

**(૧૫)** હાલના કેસની હકકીતો અને સંજોગો લક્ષમાં લઈએ તો, આરોપી પોતે ઠરેલ વ્યક્તિ છે. આમ આરોપીને ચેક આપવાની ગંભીરતાનો ખ્યાલ હોવો જોઈએ. અત્રેની કોર્ટમાં વારંવાર વોરંટ કાઢવા છતાં હાજર રહેલ નથી અને ખોટો સમય ખેચ્યા બાદ કેસ ચાલતા દરમ્યાન આરોપી તરફે ફરિયાદીને ચેકની રકમ ચૂકવવામાં આવેલ નથી, ખોટા ચેક આપવા આરોપી ટેવાયેલાનું જણાય છે.

– આમ, આરોપીની દાનત, રકમ ફરિયાદીને પરત નહિ આપવાનું જણાય છે. આરોપીની વર્તણૂક લક્ષે રાખી, તેને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય જણાતો નથી. તે ઉપરાંત આ અદાલતે ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ માં જણાવેલ સજાની જોગવાઈઓ પણ લક્ષે લીધેલ છે.

*[**138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.** —Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank*

*unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act,* ***be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both :***

– ફરિયાદી તરફે વળતરની રજૂઆત લક્ષે લીધી, આ અદાલતે ***નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭(૧) જી.એલ.એચ.પાના નં.૨૨૫ શંકરલાલ એન્ડ પરમાર વિરુદ્ધ દિનેશ બાબુલાલ બોરીચા*** વાળા વિગેરેના ચૂકાદાની હકીકતો લક્ષમાં લીધેલ છે, જેમાં સજા કરતી વખતે દંડ ચૂકવવાનો આદેશ દુર કરેલ હતો. પરંતુ વળતર ચૂકવવાનો આદેશ યથાવત રાખવામાં આવેલ હતો તે ચૂકાદા અનુસાર આરોપીને દંડ અને વળતર ચૂકવવાનો હુકમ એક સાથે ન કરી શકાય, તે હકીકત આ અદાલતે લક્ષે લીધેલ છે.

– વધુમાં, ***નામદાર કેરાલા હાઈકોર્ટનો એમ.વી. નલીન કહાન વિરુદ્ધ એમ. મેશન, ૨૦૦૯ ક્રિમિનલ લો જનરલ પાના નંબર–૧૭૦૩*** નો ચુકાદા મુજબ આરોપીને પ્રોબેશન ઓફ એફેન્ડર્સ એકટ તથા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૦ની જોગવાઈનો લાભ આપવો ન્યાયોચિત જણાતો નથી અને તેથી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા **"આંક–૧૬" વાળો ચેક** આપેલ હોવાની ફલિત થતી હકીકત ધ્યાને રાખી તથા ***નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૪(૨) જી.એલ.એચ. પાના નંબર–૨૯, આર.સી.મહેતા વિરુદ્ધ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપની લી.***ના ચુકાદામાં જણાવેલ હકીકતે ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ કરવાનો ધારાસભાના આશય ધ્યાને રાખી તથા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૯(૨)ની જોગવાઈ ધ્યાને લઈને **આ અદાલત દ્વારા મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો "આખરી હુકમ" કરવામાં આવે છે.**

## //આખરી હુકમ//

(૧) આ કામના આરોપીને ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના સજાને પાત્ર ગુનામાં ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે તકસીરવાર ઠરાવવામાં આવે છે અને સદર ગુનામાં આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(૩) મુજબ ફરિયાદવાળા ચેકની રકમ આરોપીએ ફરિયાદીને વળતર પેટે ચુકવી આપવી, જો આરોપી વળતરની રકમ એક માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ બે માસની સજા કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે, અગર જો ચાલુ કામે કોઈ રકમ ચુકવી આપેલ હોય તો તે મજરે લેવાની રહેશે.

(૩) આ કામના આરોપીએ જે સજા ભોગવેલ હોય તો, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ હુકમની ખરી નકલ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩(૧) અન્વયે આરોપીને તાત્કાલિક વિનામુલ્યે પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૮, માહેઃએપ્રિલ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૧૮/૦૪/૨૦૨૬.

મુકામઃ રાજકોટ.

(જૈમીન અશોકભાઈ પટેલ)
પાંચમાં એડી. ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટ
રાજકોટ
U.I.C.No.GJ01113

Typed by:- S.B.Chudasama,
Gujarati Stenographer Grade-3.